ગાંધીનગર સમાચાર

## ખ-માર્ગને સિકસલેન બનાવાના કામની મંદ ગતિ સામે આક્રોશ



ભાજપના ધરણા - મેયર પર હુમલાના વિરોધમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો... જેમાં શહેર-જિલ્લાના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કોંગ્રેસના વલણ અને વર્તન સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# સત્તા પક્ષ અને વિપક્ષની કચેરીને તાળા મારી દેવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં વિજેતા બનેલ ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષ દ્વારા પક્ષના નેતા કે અન્ય હોદ્દેદારોની સત્તાવાર નિમણુંક થઈ ન હોવાથી મનપામાં આ બન્ને પક્ષની કચેરીઓને તાળા મારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગઈકાલે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પર થયેલા હૂમલા પછી મનપાની વિવિધ કચેરીઓની સ્થિતિને ધ્યાને લેતાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જો કે હજુ બન્ને પક્ષો દ્વારા કોઈ જ નિમણુંકો કરવામાં આવી નથી. માત્ર સામાન્ય ચૂંટણી પછી

● અનુસંધાન પાન-૫ પર

## મેયરને હવે હથિયારધારી પોલીસનું રક્ષણ મળશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પર ગઈકાલે થયેલા હૂમલાના પ્રયાસ પછી આજથી તેમને હથિયારધારી બે પોલીસનું રક્ષણ આપવામાં આવશે. મહાનગરપાલિકાના મેયરની કચેરી પાસે પણ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે તેમની કચેરી પાસે પોલીસ બંદોબસ્ત કેટલા દિવસ રહેશે તે અંગેનો નિર્ણય લેવામાં આવ્યો નથી.

# મેયર પરના હૂમલામાં કોંગ્રેસનો અસલી ચહેરો સામે આવ્યો છે : કે. સી. પટેલ

ગાંધીનગર, તા. ૧૧

અસહિષ્ણુતા અને અહિંસાની વાતો કરતી કોંગ્રેસ પાર્ટી ગાંધીનગર મનપામાં તેની મનમાની કરાવવા માટે જે હિંસાના માર્ગે આગળ વધી રહી છે તે જ બતાવે છે કે તેઓ બે મોઢાની વાતો કરી રહ્યા છે તેમ ભાજપના પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલે કહ્યું છે.

ગાંધીનગર મનપાના મેયર પર થયેલા હૂમલાના વિરોધમાં યોજાયેલા ધરણાના કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા શ્રી પટેલે મેયર પરના હૂમલાની ઘટનાને નિંદનીય લેખાવી જણાવ્યું હતું કે કોંગ્રેસ તેમના સભ્યોને સાચવી ના શકે તે માટે ભાજપને દોષ દેવાનું બંધ કરે.

● અનુસંધાન પાન-૫ પર

# ખ-માર્ગને સિકસલેન બનાવાનુ કામની મંદ ગતિ સામે આક્રોશ

**આગામી વાઇબ્રન્ટને અનુલક્ષી રોડ નેટવર્કની વિગતો અપગ્રેડ કરવામાં આવી રહી છે, ત્યારે મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ-માર્ગના પ્રોજેકટનુ ઠેકાણુ પડતુ નથી**

ગાંધીનગર તા ૧૧

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી શરૂઆતથી જ મંદ ગતિએ ચાલી રહી છે. બે મહીનાના અંતે પણ ખ માર્ગની કામગીરીમાં વેગ આવ્યો નથી. આગામી વાઈબ્રન્ટને અનુલક્ષી ઉચ્ચ અધિકારીઓમાં બેઠકનો દૌર શરૂ થઈ ગયો છે. ત્યારે મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી મનસ્વી રીતે થતી હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો છે. જવાબદાર એજન્સી પણ કામને વેગ આપવામાં નિરસતા દાખવતી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. શહેરમાં ખ માર્ગને સિકસલેન બનાવવા માટે અંદજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવી રહયો છે. ખ માર્ગને સિકસલેન કરવા માટે છેલ્લા બે મહીનાથી કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ માર્ગને બન્ને બાજુથી ૩ મીટર પહોળો કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના ખ માર્ગ પર વી વી આઈ પી મહાનુભાવોની અવરજવરથી ધમધમતો હોય છે. ત્યારે તંત્ર દ્વારા શહેરના ખ માર્ગને તાત્કાલિક સિકસલેન બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. શરૂઆતના તબક્કે પણ ખ માર્ગની કામગીરી બંધ થઈ ગઈ હતી. જયારે હાલ પણ આ માર્ગની કામગીરી મંદ ગતિએ ચાલતી હોવાથી નિયત સમયે કામ પુર્ણ થશે કે કેમ તે મામલે પણ પ્રશ્ન ઉઠવા પામ્યો છે. એકબાજુ વિભાગ દ્વારા શહેરના રોડ નેટવર્કની માહીતી અપગ્રેડ કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ સમિટના જરૂરી આયોજન માટે બેઠકોનો દોર અત્યારથી જ શરૂ કરી દેવાયો છે. ચોમાસુ નજીકમાં છે. આવા સંજોગોમાં રસ્તાના કામો આમપણ ત્રણ મહીના સુધી બંધ કરી દેવાશે. ત્યારે ખ માર્ગની કામગીરીમાં ઝડપ આવે તો આમ નાગરિકોની હાલાકીનો પણ અંત આવે તેવો સુર ઉઠવા પામ્યો છે.

# ગિફટ સિટીને જોડતા સિગ્નેચર બ્રિજનુ કામ જુલાઈ મહીનામાં પુર્ણ થઈ જશે

ગાંધીનગર તા ૧૧

ગિફટ સિટીને જોડતા સિગ્નેચર બ્રિજના નિર્માણનુ કામ પુર્ણતાના આરે છે. અત્યારસુધીમાં બ્રિજના કામ પાછળ રૂપિયા ૮૦ કરોડનો ખર્ચ કરી દેવાયો છે. જયારે ૧૫ પીયર તેમજ સુપર સ્ટ્રકચરના ૧૫ ગાળાના સ્લેબની કામગીરી પુર્ણ કરી દેવાઈ છે. જયારે બ્રિજને અનુલક્ષી એપ્રોચ માર્ગની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. આગામી જુલાઈ મહીનામાં સિગ્નેચર બ્રિજનુ કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગર કોબા રાયસણ તરફ જતા માર્ગપર સાબરમત્તી નદીપર કેબલ સ્ટેડ સિગ્નેચરનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. ગિફટ સિટીને જોડતા આ નમુનારૂપ બ્રિજના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી દેવાયો છે.

**અત્યારસુધીમાં ૮૦ કરોડનો ખર્ચ કરી દેવાયો છે : એપ્રોચ માર્ગનુ કામ પણ પ્રગતિ હેઠળ**

અત્યારસુધી બ્રિજ નિર્માણ પાછળ અંદાજિત ૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ભૌતિક પરિસ્થિતિ મજબ આ પુલની લંબાઈ ૬૬૮.૮૦ મીટરની થાય છે. જેમાં કુલ ૪૧.૮૦ મીટરના ૧૬ ગાળા એટલે કે ૧૫ પીયર તેમજ ૨ એબટમેન્ટની કામગીરી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

જયારે આ પૈકી હાલ ૧૫ પીયરની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ૧૫ ગાળાના સ્લેબનુ કામ પુર્ણ થઈ ગયુ છે. હાલ એક ગાળાનુ કામ ચાલી રહયુ છે. બ્રિજને અનુલક્ષી પી ડી પી યુ બાજુ એપ્રોચની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. ગિફટ સિટીના સિગ્નેચર બ્રિજના નિર્માણનુ કામ આગામી જુલાઈ મહીનામાં પુર્ણ કરી દેવાશે.

# રેતી-કાંકરીની ગ્રાન્ટ વાપરવા સરકાર ઝડપથી મંજૂરી આપે

**જિલ્લા પંચાયત કારોબારી સમિતિએ આ માંગ સાથે પ્રસ્તાવ પસાર કર્યો**

ગાંધીનગર, તા. ૧૧

રેતી-કાંકરીની ગ્રાન્ટ પર જિલ્લાની જનતાનો અધિકાર છે અને તેમાંથી વિકાસના કામો હાથ ધરતાં પંચાયતોને અટકાવી શકાય નહિ. આ માટે સરકારે લગાવેલી મનાઈ હૂકમ પાછો ખેંચી લેવાની માંગ સાથે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિએ આ ગ્રાન્ટ વાપરવાની મંજૂરી આપવા જણાવ્યું છે.

આજે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેનશ્રી અરવિંદસિંહ સોલંકીના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ અંગે ઠરાવ કરાયો હતો જેમાં ૨૦ કરોડથી વધુ રકમ આ સદરે જિલ્લા પંચાયત પાસે ઉપલબ્ધ છે તે ખર્ચ કરવાની મંજૂરી આપવા જણાવ્યું છે.

આ પ્રસ્તાવમાં વિકાસ કમિશનરને એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે તમે મંજૂરી આપો અથવા તાકીદે તે અંગેની ગાઈડલાઈન જારી કરો. તમે પ્રજાને વિકાસથી વધુ સમય સુધી વંચિત રાખી શકો નહિ.

જિલ્લા પંચાયતની આજની કારોબારી સમિતિએ ૧લી મે ની ઉજવણી માટે કરાયેલ રોશની સહિતના અન્ય ખર્ચાઓને પણ બહાલી આપી હતી.

માત્ર અર્ધા કલાક સુધી ચાલેલી આ બેઠકમાં રેતી કાંકરી સિવાયના અન્ય મુદ્દાઓ પર કોઈ વિશેષ ચર્ચાઓ થઈ ન હતી. સમિતિના કામકાજના આરંભ બાદ આ બીજી બેઠક હોવાથી સમિતિમાં વધુ મુદ્દાઓ પણ ન હતા. આજની બેઠકમાં વિકાસના કામોને અગ્રતા આપવા માટે સભ્યોએ આગ્રહ રાખ્યો હતો.

**શિક્ષકો જોઈએ છે**
અંગ્રેજી માધ્યમની સ્કૂલ માટે
બધા વિષયના
ધોરણ-૧ થી ૮ માટે
(ઝુંડાલ સર્કલ પાસે)
સંપર્ક : ૯૬૮૭૦૯૯૯૩૩

# ભાજપ ૨૨થી ૨૬મી સુધી વિકાસ પર્વ ઉજવશે

ગાંધીનગર,તા. ૧૧

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીના અધ્યક્ષતામાં અને રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં આજરોજ બપોરે કેન્દ્ર અને રાજયની સરકારના બે વર્ષ દરમિયાન શ્રેણીબદ્ધ પ્રજાલક્ષી કાર્યોની ઉજવણીની રુપરેખા અને વિવિધ આયોજન સંદર્ભે પ્રદેશ બેઠક મળી હતી. પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ સૌને આવકારતા જણાવ્યું હતું કે, નરેન્દ્ર મદીના નેતૃત્વની કેન્દ્ર સરકારને ૨૬મી મેના રોજ અને આનંદીબેન પટેલના નેતૃત્વની રાજય સરકારને ૨૨મી મેના રોજ બે વર્ષ પૂર્ણ થાય છે. આ બંને સરકારોની પ્રજાલક્ષી કામગીરીને આપણે પ્રજા સમક્ષ પહોંચાડવાની છે. રૂપાણીએ ૨૨મી મેથી ૨૬મી મે દરમિયાન પ્રદેશ ભાજપ દ્વારા વિકાસ પર્વ ઉજવાશે. આ પાંચ દિવસની ઉજવણીમાં બંને સરકારોએ જે પ્રજાહિતના કાર્ય કર્યા છે તેને જન જન સુધી લઈ જવાના છે.

## બેસણું



સ્વ. દોલતભાઈ ચેલારામ પરમાર
પૂર્વ કેબીનેટ મીનીસ્ટર,
સ્વ. તા. ૯/૫/૨૦૧૬

અમારા પ.પૂ. ભાઈશ્રી તથા પિતાશ્રી **દોલતભાઈ ચેલારામ પરમાર** પૂર્વ કેબીનેટ મીનીસ્ટર, ગુજરાત સરકાર અને કોંગ્રેસના સીનિયર આગેવાન તા.૯/૫/૨૦૧૬ ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૧૨/૫/૨૦૧૬ ને ગુરૂવારના રોજ બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ

સ્થળ : શ્રી રઘુવંશી (દેશી) લોહાણા મહાજનવાડી, ગાયત્રી મંદિર રોડ, મું. ડીસા જી.બ.કાં. મો. ૯૪૨૬૩ ૯૨૮૭૧

લિ.

| | |
|---|---|
| હીરાભાઈ ચેલારામ પરમાર (ભાઈ) | ગૌતમભાઈ દોલતભાઈ પરમાર (પુત્ર) |
| અર્જુનભાઈ ચેલારામ પરમાર (ભાઈ) | ડે.એન્જીનિય, યુજીવીસીએલ |
| સ્વ.મનરૂપભાઈ ચેલારામ પરમાર (ભાઈ) | અશ્વિનભાઈ દોલતભાઈ પરમાર (પુત્ર) |
| અક્ષયકુમાર ડાહ્યાભાઈ ઓડવાલા (જમાઈ) | નિયામક, જાગૃતિ ટ્રસ્ટ |
| એમ.બી.એ., બી.ઈ.સીવીલ | નિરવકુમાર દોલતભાઈ પરમાર (પુત્ર) લેકચરર |
| દ.ભુવનેશ, આશિવા, વિહાન, માન્યમ, પ્રસિધ્ધ | હિનાબેન અક્ષયકુમાર ઓડવાલા (પુત્રી) લેકચરર |

નોંધ : સામાજીક લોકાચાર સમાજના રીત-રીવાજ મુજબ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસ સ્થાન
ડો. આંબેડકર ચોક, જ્યોર્જ ટોકીઝ પાસે, મું.પો.ડીસા, જી.બ.કાં.

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી સ્વ. લક્ષ્મીબેન ગોરધનભાઈ પટેલ (વડનગરવાળા) તા. ૧૦/૫/૨૦૧૬ને મંગળવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૨/૫/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ, ઉમિયા માતાના મંદિર પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર

કિરીટભાઈ ગોરધનભાઈ પટેલ (પૂત્ર) મો ૯૮૨૫૩ ૦૦૩૫૧
ગિરીશભાઈ ગોરધનભાઈ પટેલ (પૂત્ર) મો ૯૮૨૫૦ ૪૭૩૦૭
ફર્મ : સનરાઈઝ ટેકનોલોજી, ગાંધીનગર
માલવ પટેલ - તપન પટેલ

## શ્રી જયપ્રકાશ વિદ્યાલય

શૈક્ષણિક સ્ટાફ ધો.૧ થી ૮ તથા ૧૧/૧૨ Com. માટે નીચેના વિષયોના શિક્ષકો જોઈએ છે.

**પ્રાથમિક વિભાગ** P.T.C., B.A., M.A. B.Ed.
વિષય :
● અંગ્રેજી / સંસ્કુત
● સા. વિજ્ઞાન/ગુજરાતી
● હિન્દી / કમ્પ્યુટર
● કમ્પ્યુટર માટે યોગ્ય ઉમેદવાર જોઈએ છે. (PGDC)

**ઉચ્ચતર માધ્યમિક વિભાગ** P.T.C., B.A., M.A. B.Ed.
વિષય :
● D. P.
● અંગ્રેજી
● ગુજરાતી

જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન-૭માં પોતાના અસલ પ્રમાણપત્રો સાથે સંપર્ક કરવો.
સંપર્ક સમય : 8-30 થી 11-00 A.M.
ફોન નં. : ૦૭૯-૨૩૨૮૮૪૭૩ ● સંપર્ક : તા. ૨૭/૫/૧૬ પછી

## અંતરના અભિનંદન



શ્રીમતી હર્ષાબા જીલુભા ધાધલ
સ્ટેન્ડીંગ કમિટી સભ્યશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં આપ કોર્પોરેટર તરીકે વિજેતા થવા બદલ તથા સ્ટેન્ડીંગ કમિટિમાં આપની સભ્ય તરીકે નિમણુંકથી અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ...

શુભેચ્છકો

| | |
|---|---|
| એન. પી. પટેલ | ડો. પ્રદિપ ગગલાણી |
| સી. એલ. મહેતા | કેતનભાઈ ધોળુ |
| જયંતિલાલ વઘાસીયા | નરેન્દ્રભાઈ મંડિર |
| રમણીકભાઈ સુરેલીયા | ગણેશભાઈ પી. પટેલ |
| અનિલભાઈ હિંગુ | ભુપેન્દ્રભાઈ ગજ્જર |
| લક્ષ્મણ કંસારા | હરેશભાઈ પાલા |
| ચેતનભાઈ ભટ્ટ | રામદાન ગઢવી |
| જનકસિંહ વાઘેલા | કશ્યપ નિમાવત |

## "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

સંસ્કૃતિ

(૧) વર્ષમાં પાંચ ઉત્તમ કાર્યક્રમ- ચાર ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ
(૨) શક્ય બને તો વિશેષ એક કાર્યક્રમ આપવાની સંસ્થાની નિષ્ઠાભરી ઈચ્છા. ગત વર્ષે છ કાર્યક્રમો અપાયા હતા.
(૩) સર્વને પોષાય તેવી સભ્ય ફી.
(૪) સાત્વિક અને છતાંય રાજી થવાય તેવું મનોરંજન આપતી સંસ્થા.

૨૦૧૬-૧૭ ના વર્ષનું સભ્યપદ મેળવીને આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકો છો.

સંસ્થાનું સભ્યપદ મેળવવા માટે બાજુમાં દર્શાવેલ સ્થળે અથવા મોબાઈલ નંબરથી સંપર્ક કરવો. આગામી કાર્યક્રમનું નિમંત્રણ કાર્ડ મેળવવા સત્વરે સભ્યપદ મેળવી લેવું.

**हिन्दी फ़िल्मोना नृत्य गीतो**
"ચતુષ્પરિમાણીય કાર્યક્રમ"
(With live performance)



| તારીખઃ | સમયઃ | સ્થળઃ |
|---|---|---|
| ૨૧મી મે, ૨૦૧૬, શનિવાર | રાત્રે ૯-૧૫ | ટાઉન હોલ, ગાંધીનગર |



રાજેશ વૈષ્ણવ, જૂઈ ભટ્ટ, સંગતી મહેતા, દેવેન દવે, હિરેન વૈષ્ણવ

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૦૦૦/- (વાર્ષિક)

**સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :**
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩/૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) ડો. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૩) નવા સચિવાલય :
શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪
શ્રી પરાગ શુક્લ (મો) ૯૯૭૮૪૦૫૯૪૩
શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૪) જૂના સચિવાલય :
શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬
શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૫) વાવોલ :
શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬
શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૬) ગુજરાત વિદ્યુત બોર્ડ :
શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪૩૧૯૦૦
(૭) શ્રી તુષાર રાવળ (મો.) ૯૮૨૫૧ ૨૮૧૯૯
(૮) શ્રી પંકજ ચુડાસમા (મો.) ૯૮૨૪૦ ૪૬૫૬૯
(૯) શ્રી હરેશ ઠાકર (મો.) ૯૪૨૭૩ ૧૭૪૪૯

આવો... આજે જ સભ્યપદ નોંધાઈને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુકલ, મંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

## હાર્દિક અભિનંદન



રોનક આર.શાહ
મો.૭૮૭૮૧૪૫૦૦૭

ગાંધીનગર સમાચારમાં બાયડ ખાતે પત્રકાર તરીકે નિમણુંક થતાં અમો હર્ષોલ્લાસની લાગણી અનુભવીએ છીએ. આપ હજુ પણ ઉત્તરોઉત્તર પ્રગતિ કરો તે માટે આપણે ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ.

શુભેચ્છક
ચિરાગ પટેલ - સુંદરપુરા
(એસ.પી.જી.પ્રમુખ, અરવલ્લી જીલ્લા)

## આચાર્ય જોઈએ છે

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર ટ્રસ્ટ સંચાલિત **શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ**માં ખાલી પડેલ આચાર્યની જગ્યા ભરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પત્ર ક્રમાંક:કવટ/શરત (યાદી-૨૪)/આઈએસસી ૮/૨૦૧૫/૮૨૨૫-૨૭ તા.૯-૭-૨૦૧૫થી જગ્યા ભરવાની મંજૂરી મળેલ છે.

**લાયકાત :**
૧. યુજીસીની જુન-૨૦૧૦ની માર્ગદર્શિકા પ્રમાણે ઉમેદવાર માન્ય યુનિવર્સિટી માંથી ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે અનુસ્નાતક ડીગ્રી તથા પી.એચ.ડી.ની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ, તેમજ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ, તા. ૧૮/૪/૨૦૧૬ થી નિયત થયેલી લાયકાત, ગુણાંકન તેમજ એ.પી.આઈ. લાગુ પડશે.
૨. ઉમેદવાર કોલેજ/યુનિવર્સિટી કે ઉચ્ચ શિક્ષણની અન્ય સંસ્થામાં એસોસિયેટ પ્રોફેસર/પ્રોફેસર હોવા સાથે કુલ ૧૫ વર્ષનો શૈક્ષણિક/સંશોધન કે વહીવટી અનુભવ ધરાવતા હોવા જોઈએ.
૩. પગાર ધોરણ : સરકારશ્રી તથા યુજીસીના ધારાધોરણ મુજબ રહેશે.
૪. ઉમેદવારે સ્નાતક/અનુસ્નાતક/પીએચડી/રિસર્ચ/એ.પી.આઈ.નું સ્વ-પ્રમાણિત ગણતરી પત્રક તથા અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો જોડવાની રહેશે.
૫. અરજી દિન-૧૦માં રજીસ્ટર્ડ પોસ્ટથી વર્તમાન સંસ્થાના N.O.C. સાથે નીચેના સરનામે મોકલવાની રહેશે. **પ્રમુખશ્રી/મંત્રીશ્રી, શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭, એસ. ટી.બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૦૭.**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com